**કલેઈમ કેસ નં. ૧૬૩/૨૦૧૯**

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

રેકર્ડ જોતા તા. ૦૯/૧૦/૨૦૧૯ ના રોજ સદર કેસ રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. આ કામે આંક ૨૨ થી તા. ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે. અને ત્યારબાદ પક્ષકારો તરફે આજદિન સુધી પુરાવો રજુ થયેલ નથી. આજરોજ સદર ૦૭ વર્ષ ઉપરાંતના જુના કેસમાં અરજદાર તરફે પુરાવા માટે કોઈ કાર્યવાહી થતી નથી. આજરોજ પણ મુદૃત અરજી આવેલ છે તેમાં જણાવેલ કારણ સંતોષકારક જણાતુ નથી. જેથી તે અરજી નામંજરુ કરેલ છે. અરજદારને આ કલેઈમ કેસ ચલાવવા અદાલત તરફથી પુરતી તકો આપવામાં આવેલ હોય અરજદાર તરફે  કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કેમ થતો નથી તેવી રજુઆત કરેલ નથી. અરજદાર તરફે સુનાવણી મુલત્વી રાખવા કોઈ કારણ બતાવવામા આવેલ નથી. વળી સી.પી.સી. ઓર્ડર ૧૭ રૂલ ૨ સાથે વાંચતા ઓ. ૯ રૂલ ૩ની જોગવાઈ જોવામા આવે તો આ કામના કોઈ પક્ષકારો સુનાવણી બાદ હાજર થયેલ ન હોય તે સંજોગોમાં અરજદારનો આ કલેઈમ કાઢી નાખવાનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં  કરવો ઉચીત જણાય આવે છે જેથી   સી.પી.સી. ઓર્ડર  ૧૭ રૂલ ૨ સાથે વાંચતા ઓર્ડર ૯ રુલ ૧૨ તથા રૂલ ૩ સાથે વંચાણે લેતા કલેઈમ કેસ ડીસમીસ કરી ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૬ ઠ્ઠી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો

તા. ૦૬/૦૮/૨૦૨૬
મુ. જૂનાગઢ.

**( હિતેશકુમાર ગીરીશભાઈ દામોદ્રા )**
કલેઈમ ટ્રીબ્યુનલ(ઓકઝી.)
જૂનાગઢ.
જજ કોડ– GJ01005